જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂલક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૭૫૭૫૦ ૦૬૮૫૦

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । ગુરુવાર । તા. ૧૪-૦૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । અંક : ૨૮ । પાના : ૦૪ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

વાડ્રાની સાથે ચોકીદારની પણ તપાસ થાયઃ રાહુલ ગાંધી

ચેન્નાઈ

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી બુધવારે તમિલનાડુની રાજધાની ચેન્નઈ પહોંચ્યા. અહીં સ્ટેલ મેરિસ કોલેજમાં એક કાર્યક્રમમાં કોંગ્રેસ અધ્યક્ષે સ્ટુડન્ટ્સ સાથે વાતચીત કરી. આ દરમિયાન એક સ્ટુડન્ટે તેમને રોબર્ટ વાડ્રાને લઈને સવાલ કર્યો તો તેઓએ કહ્યું કે દેશનો કાયદો બધા પર બરાબર લાગુ થાય છે.

કોલેજના સ્ટુડન્ટ્સની સાથે અનૌપચારિક વાતચીત દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષે રાફેલ ડીલ અને તેમાં કથિત ભ્રષ્ટાચારનો મુદ્દો ઉઠાવતાં કહ્યું કે, હું આ કહેનારો પહેલો વ્યક્તિ હોઈશ..રોબર્ટ વાડ્રાની તપાસ કરો, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પણ તપાસ કરો.

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીઓ કાશ્મીર મુદ્દે બોલતા પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી પર વિવાદિત નિવેદન આપ્યું છે. રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે, અટલ બિહારી વાજપેયીની ખોટી નીતિઓના કારણે જ જમ્મુ કાશ્મીરની

કાશ્મીરની બગડેલી સ્થિતિ માટે રાહુલે વાજપેયીની ખોટી નીતિને જવાબદાર ગણાવી

સ્થિતિ બગડી છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસ હંમેશા જમ્મુ કાશ્મીરની સ્થિતિ સુધારવાનો પ્રયાસ કરતી રહી, પરંતુ ભાજપની ખોટી નીતિઓના કારણે આજે ત્યાં સ્થિતિ બગડેલી છે.



૨૦૦૪માં જ્યારે યુપીએની સરકાર બની તો ત્યાંની સ્થિતિ ઘણી બગડેલી હતી. વાજપેયી સરકારની ખોટી રાજકીય નીતિઓના કારણે કાશ્મીરની સ્થિતિ બગડેલી છે. અમારી સરકારની રણનીતિથી ત્યાંના સ્થિતિ સુધરી. અમે પાકિસ્તાન પર દબાવ બનાવવામાં સફળ રહ્યાં. અમે જમ્મુ કાશ્મીરની જનતાની સાથે તાલમેલ વધારી રહ્યાં હતા.

તેની સાથે જ તેઓએ કહ્યું કે, રોબર્ટ વાડ્રા પર સરકારને દરેક કાર્યવાહી કરવાનો અધિકાર છે. તમારી પાસે બધા સંસાધન છે, પરંતુ શું ક્યારેય પીએમે પોતે રાફેલ પર એક શબ્દ પણ બોલ્યો છે? રોબર્ટ વાડ્રા તપાસમાં સહયોગ કરી રહ્યા છે, પરંતુ સમગ્ર દેશ જાણે છે કે પીએમે રાફેલ ડીલમાં શું કર્યું. તેમ છતાંય તેઓએ મૌન સાધી લીધું છે. પીએમનું નામ સીધી રીતે રાફેલ અને ડસોના પેપર્સમાં આવ્યું છે તો તેમની પણ તપાસ થવી જોઈએ. વિદ્યાર્થીનીઓ માટે આયોજિત આ કાર્યક્રમમાં એક વિદ્યાર્થીનીએ રાહુલ ગાંધીને દેશમાં મહિલાઓની સ્થિતિ અંગે સવાલ કર્યો હતો. જેના જવાબમાં કોંગ્રેસ અધ્યક્ષે જણાવ્યું હતું કે, દક્ષિણ ભારતમાં મહિલાઓની સ્થિતિ ઉત્તર ભારતના રાજ્યો યુપી અને બિહારથી ખૂબ જ સારી છે. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આ દરમિયાન કહ્યું કે, આજકાલ ભારતમાં એક વિચારધારાની લડાઈ ચાલી રહી છે. આ બે વિચારધારાઓની વચ્ચે જંગ છે. એક વિચારધારા દેશને એક કરવાના પક્ષમાં છે અને ઈચ્છે છે કે તમામ દેશવાસી પરસ્પર ખુશીથી રહે અને કોઈ એક આઈડિયાથી ડોમિનેટેડ ન હોય. આપ દેશમાં એક ડરની ભાવના ઊભી કરીને દેશની આર્થિક પ્રગતિ વિશે વાત નથી કરી શકતા, આપણે દેશનો મૂડ ચેન્જ કરવાનો છે, કારણ કે આ દેશનો મિજાજ આર્થિક પ્રગતિ નક્કી કરે છે.

હું કોંગ્રેસની વિચારધારા સાથે જોડાયેલો છું, સમાજ સાથે કોઈ દ્રોહ નથી કર્યોઃ હાર્દિક પટેલ

અમદાવાદ

કોંગ્રેસની જનસંકલ્પ રેલીમાં પાટીદાર આંદોલનથી નેતા બનેલા હાર્દિક પટેલે કોંગ્રેસનો ખેંસ ધારણ કર્યો હતો. હાર્દિક કોંગ્રેસમાં જોડાતા જ એક સમયના હાર્દિકના સાથી અને એસપીજી ગ્રુપના પ્રમુખ લાલજી પટેલે નિવેદન આપ્યું હતું કે હાર્દિકે સમાજ સાથે દ્રોહ કર્યો છે, હવે હાર્દિકમાં તાકાત હોય તો ૫,૦૦૦ પાટીદારો ભેગા કરી બતાડે. લાલજી પટેલના આક્ષેપો પર પ્રતિક્રિયા આપતા કોંગ્રેસના નેતા હાર્દિક પટેલે જણાવ્યું હતું કે હું કોંગ્રેસની વિચારધારા સાથે જોડાયો છું, મેં સમાજ સાથે કોઈ દ્રોહ નથી કર્યો.

બુધવારે હાર્દિક પટેલે જણાવ્યું, "હું કોંગ્રેસ પાર્ટીની વિચાર ધારા સાથે જોડાયેલો છું, પાટીદાર સમાજ સાથે મેં કોઈ દ્રોહ કર્યો નથી. જો લાલજી પટેલને લાગતું હોય તો તે સમાજ માટે કામ કરે. અનામત આંદોલન દરમિયાન શહીદ થયેલા યુવાનોના પરિવારને અમે બનતી મદદ કરી છે. મહેસાણાના પરિવારના એક સભ્યને અમે નોકરી પણ આપી છે"

ઉલ્લેખનીય છે કે હાર્દિક પટેલે કોંગ્રેસનો ખેંસ ધારણ કર્યો ત્યારબાદ રાજ્યના મુખ્ય મંત્રી અને ઉપ મુખ્ય મંત્રી વિજય રૂપાણી, અને નીતિન પટેલે પણ નિવેદનો આપ્યા હતા કે હાર્દિક પહેલાંથી જ કોંગ્રેસના ઈશારે કામ કરી રહ્યો હતો અને તેણે પાટીદાર આંદોલનના માધ્યમથી રાજ્યમાં સામાજિક સરસતા ખોરવવાનું અને શાંતિ ડહોળવાનું કામ કર્યું હતું.

પાકિસ્તાન તરફથી પૂંછ, રાજૌરી સહિત એલઓસીની નજીકના સેક્ટર્સમાં ફાયરિંગ ચાલુ

પાક. દ્વારા સીઝફાયર ઉલ્લંઘન, ભારતે એલઓસી પર વ્યાપાર અટકાવ્યો

પૂંછ

ભારત દ્વારા પાકિસ્તાન પર એર સ્ટ્રાઈક કરીને કડક શબ્દોમાં કહી દીધી હતું કે જો તેમના દ્વારા ફરી આ રીતની કોઈ હરકત કરવામાં આવશે તો દેશને ભારે પડશે, પરંતુ પાકિસ્તાન કઈ ભાષા સમજે છે એ જ નથી સમજાતું. હાલમાં બન્ને દેશો વચ્ચે ચાલી રહેલા તણાવની વચ્ચે પણ પાકિસ્તાન દ્વારા પુંછ વિસ્તારમાં સીઝફાયરનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે.

આ દરમિયાન પાકિસ્તાનના એલઓસી પર ચાલી રહેલા ચક્કાદા બાગમાં આવેલ ટ્રેડ સેન્ટર પર પાકિસ્તાન દ્વારા બે શેલ નાખવામાં આવ્યા હતા. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી ગોળીબારીમાં સ્થાનીય નાગરિકોને ભારે નુકસાન થયું હતું. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી આ નાપાક હરકતનો ભારતે જડબાતોડ જવાબ આપ્યો હતો. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારને કારણે બન્ને દેશ વચ્ચે સરહદ પર ચાલતા વેપારને બંધ કરી દેવામાં આવ્યો છે. ભારત દ્વારા પાકિસ્તાન પર કરવામાં આવેલી એર સ્ટ્રાઈક બાદ પાકિસ્તાનને ચેતવણી આપવા છતા પણ વારંવાર સરહદ પર ગોળીબારી કરવામાં આવી રહી છે. પાકિસ્તાન દ્વારા પુંછ, રજૌરી સહિત એલઓસી પર ગોળીબારી કરવામાં આવી રહી છે. એક બાજુ દેશનો સુરક્ષા દળ સરહદ પર પાકિસ્તાન દ્વારા યુદ્ધ વિરામનો ઉલ્લંઘન કરીને ગોળીબારી કરવામાં આવી રહી છે, ત્યારે બીજી તરફ ઘાટીમાં ફેલાયેલા આતંકવાદને ડામવા માટે પણ સેના કામ પર લાગી ગઈ છે. બુધવારે પુલવામા જિલ્લામાં આતંકવાદીઓ દ્વારા સેનાના જવાનને ગોળી મારી દેવામાં આવી હતી, જેમાં સેનાનો જવાન શહીદ થયો છે. પાકિસ્તાનમાંથી સંચાલિત આ આતંકવાદ કાશ્મીરમાં વધી રહ્યો છે અને વારંવાર ભારતીય સેનાના જવાનોને નિશાન બનાવી રહ્યો છે.

પ્રતિબંધની સીધી અસર સ્પાઈસ જેટ અને જેટ એરવેઝ પર, ફ્લાઈટ્સના ભાડા વધવાની શક્યતા

ઈથોપિયા દુર્ઘટનાને પગલે ભારતનો બોઈંગ ૭૩૭ મેક્સ-૮ જેટ વિમાનો પર પ્રતિબંધ



ન્યુ દિલ્હી

ઈથિયોપીયાના એડીસ અબાબા શહેરમાં ૧૫૭ પ્રવાસીઓનાં જેમાં જાન ગયા હતા તે ઈથિયોપીયન એરલાઈન્સ વિમાનની દુર્ઘટનાને પગલે બોઈંગ ૭૩૭ મેક્સ-૮ વિમાનોને સેવામાંથી હટાવી લેવાનો ભારતે પણ નિર્ણય લીધો છે. આ દેશોમાં ભારતની સાથે સાથે બ્રિટન, ફ્રાન્સ, જર્મની, ઓસ્ટ્રેલિયા, સિંગાપુર, મલેશિયા, આયર્લેન્ડ, આઈસલેન્ડ, ઓમાન, ચીન ઈન્ડોનેશિયા દક્ષિણ કોરિયા અને આર્જેન્ટીના સામેલ છે. છ મહિનાની અંદર બોઈંગ ૭૩૭ મેક્સ-૮ના બે વિમાનો દુર્ઘટનાગ્રસ્ત થતા પૂરી દુનિયામાં ગભરાટ ફેલાયો છે. મંગળવારે મોડી રાતે ભારતે તાત્કાલિક અસરથી બોઈંગ ૭૩૭ મેક્સ-૮ના ઉડ્યન પર રોક લગાવી દીધી છે. મિનિસ્ટ્રી ઓફ એવિએશને કહ્યું છે કે જ્યાં સુધી આ વિમાનની સુરક્ષા સંબંધી તપાસ પૂરી ન થઈ જાય ત્યાં સુધી તેના ઉડ્યન પર રોક જારી રહેશે. ભારતમાં આ પ્રતિબંધની સીધી અસર સ્પાઈસ જેટ અને જેટ એરવેઝ પર પડી છે. સ્પાઈસ જેટ પાસે આવા લગભગ ૧૨, અને જેટ એરવેઝ પાસે પાંચ વિમાન પડ્યા છે.

MARKET 4U™

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનો

ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ ઓનલાઇન જાહેરાતની સુવિધા

અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ.

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત



GPS Market

RV-04

- Geo Fence
- Overspeed Alarm
- Mileage Statistics
- 5M Accuracy (95%)
- ACC Ignition Detection
- OTA Firmware Upgrade
- Over Voltage Protection
- Built In Battery 160 mA/H
- Tele-Cut Off (Petrol/ Electricity)
- Data In Buffer (in GPS Blind Area)
- GSM Module : QUECTEL M26
- GPS Module : GTOP GT-1612-UB7X



For Demo - Go to play store
Download - GPSMARKET
User id : demo - password : 123456

ધનંજય ઝવેરી તમામ શહેરોમાં એજન્સી આપવાની છે.

Mo. 7575006847

MARKET 4U™

સેલ્સ ઓફિસર જોઇએ છે



MARKET 4Uકંપનીને ગુજરાતના તમામ શહેરો માટે અનુભવી સેલ્સ ઓફિસર જોઇએ છે.

કોમ્પ્યુટર જ્ઞાન તેમજ વાહન હોવું જરૂરી.

પગાર અનુભવ અને લાયકાત મુજબ

Mo. 75750 06847

Email : market4u19@gmail.com

Celebrate Women's Day

Try your Luck...



01 Visit Our Clinic

02 Pick up a Chit & Get Treatment Absolutely FREE

03 Get Gift Voucher worth ₹ 5000

ONLY ON : 05 - 06 - 07 MARCH 2019

AVAILABLE TREATMENTS
• HOMEOPATHY • HAIR
• COSMETIC • LASER
• DIETITIAN • SLIMMING

Arogyam
THE HEALTH MANTRA

F1-F2, Ravi Raj Flats, Nr. Mahalaxmi Temple, Nr. D-Mart, Chhatrapati Shivaji Circle, New Adajan Road, Surat-9.
M : 70486-61221, 81419-61221
www.arogyamclinic.com
Time : 9am to 1pm & 4pm to 8pm

હળવદ થી ભડીયાદ પીર પગપાળા જવા મોટી સંખ્યામાં મુસ્લિમ સમુદાય ઉમટી પડયો



ધુમ દાદા ધુમ બુખારી ના નારા સાથે ડીજેના તાલે વાત ગાજતે યુવાનો મોટી સંખ્યામાં પગપાળા ભડિયાદ પીર જવા જોડાયા.

દર વર્ષની માફક હળવદ થી ભડિયાદપીર જવા પગપાળા મોટી સંખ્યામાં મુસ્લિમ સમુદાયના લોકો ધુમદાદાધુમબુખારી ના નારા સાથે જોડાયા હતા બુધવાર સવારના અગિયાર વાગ્યાની આજુબાજુ મેઈન બજારમાંથી ભળીયાદ પીર પગપાળા જવા માટે મોટી સંખ્યામાં મોરબી તથા હળવદના લોકો જોડાયા હતા દર વર્ષની માફક આ વર્ષે પણ કોમી એકતા સમાન હિંદુ-મુસ્લિમ ચાલીને જતા લોકો માટે ઠેર ઠેર ઠંડા પાણીના સરબતની વ્યવસ્થા કરાઇ હતી અને યુવાનો ડીજેના તાલે નાચ તા ગાતા ધુમદાદાધુમબુખારી ના નારા સાથે હર્ષોઉલ્લાસ સાથે પગપાળા

ભડિયાદપીર જવા નીકળ્યા હતા હર્ષો ઉલાષ સાથે રવાના થયા હતા, સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મહંમદભાઈ ડીસવાળા, ઈકબાલભાઈ મરચી,હબીબભાઈ, ઈમરાન શા, પરવેજ બાપુ .રમીઝસુમરા, મુન્નાભાઈ મીરા ચકાભાઈ મીરા ,હારૂનભાઈ રફિકભાઈ , સહિતના આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી અને મોટી સંખ્યામાં મુસ્લિમ સમુદાયના લોકોએ ધુમદાદાધુમબુખારી ના નારા લગાવીને પગપાળા ભડીયાદપીર જવા નીકળ્યા હતા.

બોટાદ L.C.B.દ્વારા મારા મારીના ગુન્હામાં સંડોવાયેલ આરોપીને પાસા એક્ટ હેઠળ અટકાયત કરી જેલ હવાલે ધકેલવામાં આવ્યો

અશોક કુમાર, નાયબ પોલીસ મહાનિરીક્ષક, ભાવનગર વિભાગ દ્વારા મારા મારીના ગુન્હાઓ તથા અન્ય તમામ ગુન્હાઓમાં સંડોવાયેલ ઈસમો વિરૂધ્ધ પાસા/હદપાર દરખાસ્ત કરવા સુચના કરેલ જે અનુસંધાને બોટાદ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા દ્વારા બોટાદ જીલ્લામાં આવી પ્રવૃતિઓ કરતા ઈસમોની યાદી તૈયાર કરી તેઓ વિરૂધ્ધ પાસા દરખાસ્ત કરવા કડક સુચના આપેલ હોય, જે અન્વયે મારામારીના ગુન્હામાં સંડોવાયેલ મંગળુભાઇ દાદભાઇ ભીસરીયા રહે.ગઢડા, તા.ગઢડા જી.બોટાદ વાળા વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા બોટાદ જીલ્લા મેજીસ્ટ્રેટ સુજીત કુમાર દ્વારા તેના વિરૂધ્ધ પાસા વોરંટ ઈશ્યુ કરતા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાની સુચના તથા માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. પોલીસ ઈન્સપેકટર એચ.આર. ગોસ્વામી તથા એલ.સી.બી સ્ટાફના એ.અસ.આઈ. દિનેશભાઈ, હે.કો. લક્ષ્મણદેવસિંહ, જીજ્ઞેશભાઈ, પ્રવિણસિંહ, ભગવાનભાઈ, રામદેવસિંહ, હેમરાજભાઈ, વનરાજભાઈ તથા પો.કોન્સ. બળદેવસિંહ, ક્રિપાલસિંહ, જયપાલસિંહ, પુરવભાઈ, તરૂણભાઈ, યોગેન્દ્રસિંહએ મજકુર ઈસમની વોરંટની બજવણી કરી પાલારા (ભુજ) ખાસ જેલ ખાતે મોકલી આપેલ છે

લીંબડી - ભેંસજાળ રૂટ બસ ના ડ્રાઈવર - કંડકટર ને બસ માંથી મળી આવેલ સોનાનો હાર અને પાકીટના મૂળ માલિક ને પરત કરેલ



હાલ માં કળિયુગ નો સમય ચાલી રહ્યો છે ત્યારે આ કલિયુગ માં લોકો ની પ્રમાણિકતા સાવ મરવા પડી છે અને પોતાનો જ સ્વાર્થ જોતા હોય છે પણ એવું નથી હોતું તો આજ ના આ કળિયુગ માં ઈમાનદારી માણસો જીવે છે આવો જ એક દાખલો લીંબડી ના એસ.ટી. ના ડ્રાઈવર - કંડકટર ની પ્રમાણિકતા જોવા મળી હતી. થોડા જ દિવસ અગાઉ લીંબડી એસ.ટી. ડેપો ની બસ જે લીંબડી - ભેંસજાળ (નાઈટ) રૂટ ની રેગ્યુલર ચાલે છે ત્યારે કુંડલા ગામ ના રહેવાસી વિજુબેન નથુભાઈ શિયાળીયા જેઓ બસમાં ચુડા થી બેસીને કુંડલા જતા હતા ત્યારે અચાનક તેમનું પાકીટ તે બસ માં પડી ગયું હતું. અને જ્યારે એસ.ટી. ના ફરજ ના ડ્રાઈવર ધર્મેન્દ્રસિંહ બળવંતસિંહ ઝાલા અને કન્ડક્ટર ભોજુભા રામસિંહ રાણા નું બસ માં પડેલ લેડીઝ પાકીટ પર ધ્યાન પડીયું અને તે પાકીટ લઈ તેમાં ચેક કરેલ તો પાકીટ માં સોનાનો હાર મળી આવેલ પરંતુ તેઓ એ આજના ડીઝીટલ યુગમાં વોટ્સએપ ના માધ્યમ થી મૂળ માલિક સુધી પહોંચીયા હતા. અને મૂળ માલિક ને લીંબડી એસ.ટી. ડેપો માં બોલાવીને એસ.ટી. કર્મચારીઓની હાજરી માં જ મૂળ માલિક ને પરત કરેલ.

રણમાં ખીલ્યું ગુલાબ, ટીકર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બન્યું સુવિધા સંપન્ન



હળવદના ટીકર (રણ) માં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ફાર્માસીસ્ટ તેમજ મેડીકલ ઓફિસર અને સ્ટાફના સહયોગથી સુવિધાઓથી સંપન્ન બનાવવામાં આવ્યું છે અને ખાનગી હોસ્પિટલ જેવી સફાઈ અને સુવિધાઓ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જોવા મળી રહી છે

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ટીકર (રણ) માં બદલીથી આવેલ ફાર્માસિસ્ટ નીલેશકુમાર સરસાવાડિયાએ આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર ડો. કૃપાલીબેન રંગાડીયા, ડો. દિપીકાબેન કાપડિયા તેમજ કર્મચારી સુરેશભાઈ, દિનેશભાઈ, મનીષભાઈ, અલ્તાફભાઈ, તળશીભાઈ, અક્સાબેન, ભારતીબેન અને ગામના સરપંચ સંગીતાબેન વિજયભાઈ એરવાડિયા, ગામના આગેવાન ગોરધનભાઈ ગોઠીના સહયોગથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ટીકરને ખાનગી હોસ્પિટલ જેવું બનાવ્યું છે માત્ર એક જ માસમાં આરોગ્ય કેન્દ્રમાં સ્વચ્છતા પર પુરતું ધ્યાન આપી સ્વચ્છ બનાવ્યું છે તો ખાનગી હોસ્પિટલ જેમ સાઈનેજ, આઈ.ઈ.સી સુત્રો લગાવવા અને અધ્યતન પ્રસૂતિ રૂમ બનાવ્યા છે જેમાં તમામ પ્રકારના ઈમરજન્સી ઈન્જેક્શન, દવાઓ અને સાધનો રાખવામાં આવ્યા છે

તે ઉપરાંત રસીઓની જાળવણી માટે અધ્યતન કોલ્ડ ચેઈન પોઈન્ટ બનાવવામાં આવેલ છે આરોગ્ય કેન્દ્રના કમ્પાઉન્ડમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાળવણી સંદેશો આપવામાં આવ્યો છે અગાઉ ફાર્માસિસ્ટ નીલેશભાઈ બગથળામાં પણ સારી કામગીરી કરી છેલ્લા છ વર્ષથી બગથળા પીએચસીને અનેક એવોર્ડ અપાવ્યા છે

સુરત લોકસભા બેઠકના ભાજપના દાવેદારોને નિરીક્ષકો સાંભળશે

સુરત બેઠક માટે તા.૧૫' અને નવસારી બેઠક માટે તા.૧૪એ દાવો રજૂ કરી શકાશે

સુરત

લોકસભા ૨૦૧૯ની ચૂંટણીઓ જાહેર થઈ ગયા બાદ ભાજપના દાવેદારોએ પોતપોતાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. સુરત લોકસભાના ભાજપના પ્રબળ દાવેદારોને ૧૫મી માર્ચના રોજ ઉધના ખાતે આવેલા ભાજપના મુખ્ય કાર્યાલય પર સાંભળવામાં આવશે અને તેના માટે નિયુક્ત કરવામાં આવેલા ત્રણ નિરીક્ષકોની એક ટીમ ૧૫મીએ સવારે નવ કલાકે ભાજપના મુખ્ય કાર્યાલય પર આવશે. એવુ શહેર ભાજપ પ્રમુખ નિતીનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રી મદનસિંહ અટોદરીયાએ જણાવ્યું હતું.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આજથી ત્રણેક દિવસ પહેલા ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અરોરાએ લોકસભા ૨૦૧૯ની ચૂંટણીની જાહેરાત કરી હતી. ગુજરાતમાં ૨૩મી એપ્રિલના રોજ મતદાન થશે અને ૨૮મી માર્ચથી ૪ એપ્રિલ સુધી ઉમેદવારો પોતાના ફોર્મ ભરી શકશે. ત્યારે પ્રદેશ ભાજપ દ્વારા સમગ્ર રાજયમાં ૧૪-૧૫-૧૬ માર્ચના રોજ ત્રણ ત્રણ નિરીક્ષકોની એક ટીમ દાવેદારોને સાંભળવા માટે નિયુક્ત કરી છે. તા.૧૪મી માર્ચના રોજ નવસારી ખાતે આવેલા નવા ભાજપ કાર્યાલય ખાતે (કમલમ) નિરીક્ષક છત્રસિંહ મોરી, નિરંજન ઝાંઝમેરા તથા દર્શનાબેન દેશમુખ સાંભળશે. સવારના પ્રથમ ચરણમાં જલાલપોર, ગણદેવી, નવસારી અને બપોર પછી ચોર્યાસી, ઉધના, મજુરા અને લીંબાયત વિધાનસભાના દાવેદારોને સાંભળશે. જ્યારે ૧૫મીના રોજ સુરત લોકસભાની સાત વિધાનસભાના દાવેદારોને વિધાનસભા પ્રમાણે સાંભળશે. જેમાં નિરીક્ષકો તરીકે મહામંત્રી ભરતસિંહ પરમાર, ભરતભાઈ બારોટ તથા ભાવનાબેન દવે ઉપસ્થિત રહેશે. બારડોલી લોકસભાના દાવેદારોને ૧૬મી માર્ચના રોજ નિરીક્ષકો બારડોલી ખાતે સાંભળશે. જેમાં નિરીક્ષકો તરીકે ધારાસભ્ય પૂર્ણેશભાઈ મોદી સહિત અન્ય બે નિરીક્ષકો ઉપસ્થિત રહેશે. દરેક લોકસભામાં વિધાનસભામાં પ્રમાણે દાવેદારોને સાંભળવામાં આવશે એવું નિતીનભાઈ ભજીયાવાળા તથા મદનસિંહ અટોદરીયાએ જણાવ્યું હતું.

રાણપુરમાં ટ્રેનનો સમય અનુકુળ હોવા છતા પણ સ્ટોપ નથી

ભાવનગર-ગાંધીનગર ઈન્ટરસીટી અને મહુવા-સુરત ટ્રેનને રાણપુરમાં સ્ટોપેજ આપવા લોકમાંગ

ઈન્ટરસીટી અને મહુવા-સુરત ટ્રેનને રાણપુરમાં સ્ટોપેજ મળે તો દોઢ લાખની વસ્તીને લાભ મળે



ભાવનગર-ગાંધીનગર ઈન્ટરસીટી ટ્રેન તાજેતરમાં શરૂ કરવામાં આવી છે પરંતુ તેને ગણ્યાગાંઠ્યા સ્ટોપેજ આપવામાં આવતા આ ટ્રેન ખાલી જાય છે ગાંધીનગર ગુજરાત રાજ્યની રાજધાની હોવાથી રાજકીય કામ અંગે રાણપુર તથા રાણપુર તાલુકાની અંદાજે ૧.૫૦ લાખની વસ્તીને કાંઈ ને કાંઈ કામ હોય જ છે અને અમદાવાદ ખરિદી કરવા પણ ઘણા વેપારીઓ અવાર નવાર જાય છે.જો આ ઈન્ટરસીટી ટ્રેનને રાણપુર સ્ટોપેજ આપવામાં આવે તો રાણપુર અને રાણપુર તાલુકાની જનતાને બેહદ ફાયદો થાય તેમ છે વળી આ ટ્રેન બોટાદ સવારે ૬:૧૦ કલાકે આવે છે તેથી રાણપુરના લોકોને બોટાદથી આ ટ્રેન પકડવી હોય તો સવારે ૨:૩૦ કલાકે ઓખા-ભાવનગર માં બોટાદ જઈ બોટાદ રેલ્વે સ્ટેશનમાં ત્રણ કલાક બેસવુ પડે અને સુરેન્દ્રનગરથી આ ટ્રેન પકડવી હોય તો ૭:૩૦ પહેલા સુરેન્દ્રનગર પહોચવુ પડે એવુ કોઈ વાહન મળતુ નથી પહેલા ભાવનગર-અમદાવાદ ઈન્ટરસીટી ચાલતી હતી ત્યારે લોકો આ ટ્રેન ધંધુકાથી સવારે ૮:૦૯ કલાકે પકડતા હતા.ઘણા એવા લોકો છે જેને બસમાં મુસાફરી ફાવતી નથી તે લોકોને આ ટ્રેન અનુકુળ આવતી હતી.ભાવનગર-બાન્દ્રા ટ્રેનને પણ પ્રાયોગિક ધોરણે રાણપુર સ્ટોપેજ આપવામાં આવ્યા બાદ મુસાફરો નો ઘસારો રહેતા રાણપુર ને કાયમી સ્ટોપેજ આપવામાં આવેલ છે.બોટાદ થી ૨૦ મીનીટના અંતર આવેલુ આ તાલકા કક્ષાનુ ગામ આખા બોટાદ જીલ્લામાં રાણપુર સૌથી મોટો બેરીંગ ઉદ્યોગ ધરાવે છે અહીયા ટેક્ષપીન બેરીંગ, આર. એમ.પી. બેરીંગ,રાસ બેરીંગ આખા વિશ્વમાં પ્રખ્યાત છે જેમાં સમગ્ર ગુજરાત સહિત અન્ય રાજ્યોના લોકો નોકરી માટે રાણપુર આવે છે.તથા ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ આવેલુ છે.એન.એમ.ગોપાણી એન્જીન્યરીંગ કોલેજ છે તેમાં ગુજરાત ભરમાંથી વિદ્યાર્થીઓ ભણવા માટે આવે છે તો સંખ્યાબંધ મુસાફરો ને આ ટ્રેન નો લાભ મળે છે.વહેલી તકે આ ટ્રેન ને રાણપુર સ્ટોપેજ આપવામાં આવે તેવુ રાણપુર પંથકના લોકો ઈચ્છી રહ્યા છે.જ્યારે મહુવા-સુરત ટ્રેન ને પણ રાણપુર માં સ્ટોપેજ આપવાની જરૂર છે રાણપુર પંથકના કેટલાય લોકો સુરત જવાવાળા છે હોય છે અને ના છુટકે ટ્રાવેલર્સ માં જવુ પડે છે જો મહુવા-સુરત ટ્રેન નો સ્ટોપેજ રાણપુર ને મળે તેવી લોકોની માંગણી છે અન્ય ઘણી ટ્રેનો લાંબા અંતર ની જે રાણપુર માંથી પસાર થાય છે જો આ ટ્રેનો ને રાણપુરમાં સ્ટોપેજ આપવામાં આવે તો રેલ્વે ને અને લોકોને સીધો ફાયદો થાય તેમ છે.

ચૂંટણીની જાહેરાત થયા બાદ કામદારોની નિમણૂંક જાહેર : આચાર સંહિતાનો ભંગ

કોમ્યુનિષ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયાએ ચૂંટણી અધિકારીને ફરિયાદ કરી

સુરત

ભારત સરકારના ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણીની જાહેરાત થયા બાદ સુરત જિલ્લાના ચૂંટણી અધિકારી અને કલેક્ટર ડૉ. ધવલ પટેલે માન્ય રાજકીય પક્ષોના નેતાઓ તથા પ્રતિનિધિઓ સાથે ગતરોજ સવારે ૧૧.૦૦ કલાકે સુરત જિલ્લા કલેક્ટર કચેરીના બીજા માળે આવેલ સભાખંડમાં બેઠક કરી હતી. જેમાં ભાજપ, કોંગ્રેસ, એનસીપી તથા સીપીઆઈના આગેવાનોએ ભાગ લીધો હતો. કલેક્ટરો લોકસભા ચૂંટણી બાબતે જરૂરી માર્ગદર્શન આપી આચાર સંહિતાનું સંપૂર્ણ ચુસ્તપણે પાલન કરવા અપીલ કરી હતી.

આ બેઠકમાં સીપીઆઈ તરફથી જિલ્લા મંત્રી સુગીત પાઠકજી તથા પક્ષની નેશનલ કાઉન્સિલના સભ્ય વિજય શેણમારેએ ચર્ચામાં ભાગ લઈ જરૂરી સૂચનો કર્યા હતા. સીપીઆઈ તરફથી વિજય શેણમારેએ સુરત મહાનગરપાલિકાની વિરૂદ્ધ આચાર સંહિતાના ભંગ બદલ ફરિયાદ કરતા જણાવ્યું હતું કે ગત રવિવારે તા.૧૦મી માર્ચના રોજ સાંજે ૫.૦૦ કલાકે ચૂંટણી પંચ દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરી લોકસભાની સામાન્ય ચૂંટણી ૨૦૧૯નો કાર્યક્રમ ઘોષિત કરવામાં આવ્યો હતો અને સમગ્ર દેશમાં તાત્કાલિક અસરથી ચૂંટણી આચાર સંહિતા લાગુ પાડવામાં આવી હોવા છતાં સુરત મહાનગરપાલિકાએ આચાર સંહિતા લાગુ થયા બાદ રવિવારે ૧૦મી સાંજે ૫૨૦૦ કામદારોની નિમણૂંકની યાદી બહાર પાડી હતી. ચૂંટણી પંચની આંખમાં ધૂળ ઝોંકવા માટે, ગેરમાર્ગે દોરવા માટે નિમણૂંક યાદી પ્રસિદ્ધિ તા.૮-૩-૨૦૧૯ બતાવેલી. જે બાબતે ચૂંટણી આચાર સંહિતાના ભંગ બદલ તપાસ કરી સુરત મહાનગરપાલિકા વિરૂદ્ધ કાર્યવાહી કરવા ફરિયાદ કરવામાં આવી છે.

ન્યૂઝીલેન્ડ વિશ્વભરના પ્રવાસીઓ માટે રજાઓ માણવા માટેનું સ્વર્ગ

ફિલ્મ શૂટિંગ માટે ન્યૂઝીલેન્ડ અદ્ભૂત સ્થળ છે

સુરત

ભારતમાં જનસંખ્યા સતત વધી રહી છે અને હવે તેઓ ન્યુઝિલેન્ડને હોલિડે ડેસ્ટિનેશન તરીકે જોઇ રહ્યાં છે. હકીકતમાં ઓક્ટોબર ૨૦૧૮માં આવેલા આંકડાઓ મુજબ વિતેલા ત્રણ વર્ષમાં ન્યુઝિલેન્ડની મુલાકાતે આવનાર ૨૫થી ૩૪ વર્ષની વય ધરાવતા લોકોની સંખ્યામાં ૬૮ ટકાનો વધારો જોવા મળ્યો છે, જે ન્યુઝિલેન્ડમાં આવતા કુલ પ્રવાસી મુલાકાતઓની સંખ્યાનો ૨૯ ટકા જેટલો હિસ્સો છે.

એ વાત આશ્ચર્યજનક નથી કે ન્યુઝિલેન્ડ આ યુવાન વૈશ્વિક પ્રવાસીઓને આકર્ષી રહ્યું છે. લાખો પ્રવાસીઓ ન્યુઝિલેન્ડના તમામ સ્થળો, લોકો સાથે અર્થપૂર્ણ સંબંધ કેળવવાની સાથે બિટેન ટ્રેકનો યુનિક એક્સપિરિયન્સ મેળવવા માંગે છે.

અહીં, અમે અગ્રણી મુખ્ય પાંચ કારણો જોઈએ છીએ કે શા માટે ન્યૂઝિલેન્ડ એ લાખો પ્રવાસીઓ માટે રજાઓ માણવા માટેના સ્વર્ગ તરીકેનું ઉપનામ મેળવ્યું છે.

ન્યુઝિલેન્ડ ધી બોલ્ડ ઓફ ધી રિંગ્સ, ધી હોબિટ, ધી ક્રોનિકલ્સ ઓફ નાર્નિયા અને પીટેસ ડ્રેગન જેવી અદભૂત બ્લોકબસ્ટર મૂવી માટેના ફિલ્માંકન લોકેશનનો ભવ્ય ઇતિહાસ ધરાવે છે.

આ બ્લોકબસ્ટર્સનો મતલબ એ થાય છે કે ન્યુઝીલેન્ડ દરેક ફિલ્મની શુટિંગ માટેની યાદીમાં ટોચ પર છે.

લોકસભા ચૂંટણીમાં પેઈડ ન્યૂઝ પર ચૂંટણી પંચ બાજ નજર રાખશે

જાહેર ખબર માટે પૂર્વ મંજૂરી લેવી પડશે

વ્યારા

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ નો અનુલક્ષીને ઉમેદવારોના ચૂંટણી ખર્ચ પર દેખરેખ અને નિયંત્રણ રાખવા માટે ભારતના ચૂંટણી પંચની સૂચનાનુસાર બારડોલી સંસદીય મતદાર વિભાગના ચૂંટણી અધિકારી દ્વારા ઉમેદવારો દ્વારા પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડીયામાં આપવામાં આવતા પેઈડ ન્યુઝ પર નજર રાખવા માટે મીડીયા સર્ટિફિકેશન એન્ડ મોનીટરિંગ કમિટીની રચના કરવામાં આવી છે. આ સમિતિ ઉમેદવારો દ્વારા આપવામાં આવતા પેઈડ ન્યુઝ પર બાજનજર રાખશે.

તાપી જિલ્લાની મીડીયા સર્ટિફિકેશન એન્ડ મોનીટરિંગ કમિટી દ્વારા જિલ્લા માહિતી કચેરી, જિલ્લા સેવાસદન, બ્લોક નં. ૪, બીજા માળ ખાતે કેબલ નેટવર્ક પર પ્રસારિત થતી ન્યુઝ ચેનલો અને જિલ્લામાંથી તેમજ જિલ્લા બહારથી પ્રસિદ્ધ થતા અખબારોના સર્ટિફિકેશન અને મોનીટરિંગની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. તમામ રાજકીય પક્ષો તેમજ ઉમેદવારોએ ચોપાનીયા, વર્તમાનપત્ર કે ઈલેકટ્રોનિક મીડીયામાં જાહેરાત આપવા માટે તાપી જિલ્લાની મીડીયા સર્ટિફિકેશન એન્ડ મોનીટરિંગ કમિટીને નિયત નમૂનામાં જરૂરી વિગતો સાથે અરજી કરી પૂર્વમંજુરી મેળવવાની રહેશે. એમ સભ્ય સચિવ અને સહાયક માહિતી નિયામક, વ્યારા જિ. તાપી તરફથી જણાવાયું છે.

ગોપીપુરાની મહિલાના નામથી બેંકમાં ખાતુ ખોલાવી ૫૬.૬૦ લાખનું ટ્રાન્જેક્શન

મહિલાની જાણ બહાર નિહાલ ખેમકાએ જંગી રકમના નાણાંકીય વ્યવહાર કરતા પોલીસ ફરિયાદ

સુરત

ગોપીપુરાની મહિલાની નામે આઈ.ડી.બી.આઈ. બેંકમાં બોગસ ખાતુ ખોલાવી આરોપી નિહાલ ગોપાલ ખેમકાએ રૂા.૫૬.૬૦ લાખનો નાણાંકીય વ્યવહાર કરી છેતરપિંડી કરી હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ગોપીપુરા અંબાજી રોડમાં દર્શન ફ્લેટમાં રહેતા રાજેશ્રીબેન પાર્થકુમાર પ્રમાણીકે આરોપી નિહાલ ગોપાલભાઈ ખેમકા ગીરધર એપાર્ટમેન્ટ, સીટીલાઈટ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી નિહાલ ખેમકાએ ફરિયાદી રાજેશ્રીબેનના પુરાવા કોઈપણ પ્રકારે મેળવી રિંગરોડ સેન્ચુરી ખાતેની આઈડીબીઆઈ બેંકમાં બોગસ સહી કરી બેંક એકાઉન્ટ ખોલાવી રૂા.૫૬,૬૦,૦૦૦નો નાણાંકીય વ્યવહાર કર્યો હતો. સલાબતપુરા પોલીસે ઈપીકો કલમ ૪૦૬, ૪૨૦, ૪૩૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

ફાઈનાન્સ એશિયા સર્વે : HDFC બેંક ભારતની બેસ્ટ મેજન્ડ કંપની

બેસ્ટ ગ્રોથ્ય સ્ટ્રેટેજી વાળી બેંક અને આદિત્ય પૂરી શ્રેષ્ઠ સીઈઓ

સુરત

એચડીએફસી બેન્કને વિશ્વમાં અગ્રણી ફાઈનાન્સિયલ મેગેઝીન ફાઈનાન્સ એશિયા દ્વારા હાથ ધરવામાં આવેલા એક સર્વેક્ષણમાં ભારતમાં બેસ્ટ મેનેજડ કંપની હોવાનો રોકાણકારો અને એનાલિસ્ટોએ મત પ્રદર્શિત કર્યો છે, એચડીએફસી બાદ આ કેટેગરીમાં ટીસીએસ અને હિન્દુસ્તાન યુનિલિવરનો ક્રમ આવે છે.

વધુમા બેન્કને 'બેસ્ટ ગ્રોથ્ય સ્ટ્રેટેજી' માટે પ્રથમ ક્રમાંક આપવામાં આવ્યો છે. જ્યારે ટોચના ૩માં અન્ય કંપનીઓમાં ટાઈટન અને બજાજ ફાઈનાન્સનો સમાવેશ થાય છે. એચડીએફસી બેન્કના મેનેજિંગ ડિરેક્ટર શ્રી આદિત્ય પુરીને પણ આ સર્વેક્ષણામાં ભારતના શ્રેષ્ઠ સીઈઓ હોવાનો મત પ્રદર્શિત કરવામાં આવ્યો છે. વધુમાં બેન્કને ટીસીએસ બાદ પર્યાવરણ અને સામાજિક સંભાળ (ઈએસજી) ક્ષેત્રે રજો ક્રમાંક અને ઈન્વેસ્ટર રિલેશન્સમાં ટીસીએસ અને ઈન્ફોસિસ બાદ ૩જો ક્રમાંક આપવામાં આવ્યો છે.

જમ્મુ કાશ્મીરમાં હિમવર્ષાથી તાપમાનમાં નોંધાયેલો ઘટાડો

નવસારીમાં ૧૪, વલસાડમાં ૧૭, સુરતમાં ૧૯ ડીગ્રી

સુરત

જમ્મુ કાશ્મીરમાં ફરી એક વખત બરફ વર્ષા થતા ઉત્તર દિશાથી ફુંકાતા ઠંડા પવનથી રાજ્યના તાપમાનમાં ફરી એક વખત નજવો ફેરફાર નોંધાયો છે. દક્ષિણ ગુજરાતના તાપમાનમાં ગતરોજની સરખામણીએ આજે એક ડીગ્રીનો ઘટાડો નોંધાયો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૨.૮ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૯.૪ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૮ ટકા તેમજ હવાનું દબાણ ૧૦૧૫.૬ મિલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર-પૂર્વ દિશાથી કલાકના ૮ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે તાપમાનમાં એકથી બે ડીગ્રીનો ઘટાડો નોંધાયો છે. મળસ્કે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. પરંતુ બપોરના સમયે ગરમીનો પારો યથાવત રહ્યો હતો. નવસારીમાં આજે અધિકતમ તાપમાન ૩૩ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૪ ડીગ્રી નોંધાયું છે. વલસાડમાં આજે અધિકતમ તાપમાન ૩૧.૪ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૭.૬ ડીગ્રી નોંધાયું છે. દક્ષિણ ગુજરાતમાં એક-બે દિવસ સુધી તાપમાન યથાવત રહેશે. ત્યારબાદ ગરમીમાં વધારો નોંધાય તેવી શક્યતા છે.

કેન્દ્ર સરકારને રાફેલ ડીલ મામલે સોગંદનામું રજૂ કરવા સુપ્રીમની મંજુરી

ન્યુ દિલ્હી

બહુ ગાજેલા રાફેલ મામલે દેશની વડી અદાલતે મોદી સરકારને વધુ એક મોટી રાહત આપી છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને રાફેલ ડીલ મામલે સોગંદનામું રજૂ કરવા મંજૂરી આપી દીધી છે. કેન્દ્ર સરકારની તરફથી મંગળવારે ચીફ જસ્ટિસની બેંચથી સોગંદનામું રજૂ કરવાની મંજૂરી માંગવામાં આવી હતી. જેને કોર્ટે મંજૂર આપી દીધી છે. આજે આ મામલે બપોર ૩ વાગે સુનાવણી કરવામાં આવશે.

અગાઉ હાથ ધરવામાં આવેલી સુનાવણીમાં અરજીકર્તા પ્રશાંત ભૂષણે સોદા વિશે રક્ષા મંત્રાલયની તે ફાઈલ નોટિંગ પ્રસ્તુત કરી જેને એક અંગ્રેજી સમાચારે છાપી હતી. પરંતુ એટર્ની જનરલે તેના પર વાંધો ઉઠાવ્યો અને કહ્યું હતું કે, આ ચોરી કરેલી છે. તપાસ ચાલી રહી છે, કેસ દાખલ કરવામાં આવશે. એટર્ની જનરલે સંરક્ષણ મંત્રાલયના નોંધની નોંધ લેવાનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે આ ગોપનીય દસ્તાવેજ છે.

રાફેલ ડીલ મામલે આપ નેતા સંજય સિંહની પુનઃવિચાર અરજી પર સુપ્રીમ કોર્ટે સુનાવણીથી ઈકાર કર્યો હતો અને કહ્યું હતું કે, ન્યાયપાલિકાની સામે આપત્તિજનક ટિપ્પણીના અંતર્ગત સંજય સિંહની પુનઃવિચાર અરજી પર સુનાવણી કરવામાં આવશે નહીં. સાથે જ કોર્ટે સંજય સિંહને પૂછ્યું કે, કેમ તમારી સામે અપમાનની કાર્યવાહી કરવામાં ના આવે? કોર્ટે સંજય સિંહ પાસે જવાબ પણ માગ્યો હતો. તો બીજીબાજૂ, એટર્ની જનરલ કે.કે વેણુગોપાલે કોર્ટમાં જણાવ્યું હતું કે, ગોપનીય દસ્તાવેજ લીક કરવાના મામલે બે સમાચારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટે આમ આદમી પાર્ટીના નેતા સંજય સિંહના વકિલ સંજય હેગડેને પુછ્યુ હતું કે, તમે કઈ પાર્ટીના છો? તો હેગડેએ જવાબ આપ્યો હતો કે, આમ આદમી પાર્ટી. તો સીજેઆઈએ કહ્યું હતું કે, અમે તમારી અરજી નહીં સાંભળીએ, તમે અમારા નિર્ણય પર આપત્તિજનક ટિપ્પણી કરી હતી. અમે આ દિશામાં કોઈ કાર્યવાહી કરીશું. અટર્ની જનરલ કેકે વેણુગોપાલે કહ્યું હતું કે, જે દસ્તાવેજો એક અંગ્રેજી સમાચારે છાપ્યા, તેના પર સ્પષ્ટ પણે 'ગોપનીય' લખ્યું હતું. તેને સાર્વજનિક કરવામાં આવી શકે નહીં. જેની અવગણના કરી સમાચાર લખવામાં આવ્યા. તે ઓફિશિયલ સીક્રેટ્સ એક્ટના વિરુદ્ધમાં છે, આ દસ્તાવેજોને કોર્ટમાં પણ રજૂ કરવામાં આવ્યા હતા.

ડભોલીમાં રહેતા માનસિક અસ્થિર વૃદ્ધ ગુમ થયા

સુરત

ચોકબજાર પોલીસ સ્ટેશનના ચોપડે નોંધાયેલી ફરિયાદ અનુસાર તા.૧૮/૨/૨૦૧૯ના રોજ રાત્રીના સમયે ૩૦૧, હરીદર્શન એપાર્ટમેન્ટ, શાંતિનગર સોસાયટી, ડભોલી ચાર રસ્તા, વેડરોડ, સુરત ખાતે રહેતા માનસિક અસ્વસ્થ એવા ૭૫ વર્ષીય કેશવલાલ વિરચંદદાસ પંચાલ કયાંક ચાલ્યા ગયા છે. જે શરીરે પાતળા બાંધાના, રંગે શ્યામવર્ણના, ઉચાઈ ૫.૩ ફુટ છે. સફેદ રંગનો ચેકસ શર્ટ તથા કાળા રંગનું પેન્ટ પહેર્યું છે. જે કોઈને ભાળ મળે તો ચોકબજાર પો.સ્ટે.નો સંપર્ક સાધવા જણાવાયું છે.

ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતીની ઉજવણી સંદર્ભે મીટિંગ

તા.૧૭'મીએ રવિવારે બેઠકનું આયોજન

સુરત

ભારતીય સંવિધાન રચિયતા બોધિત્સવ ભારતરત્ન પરમ પૂજ્ય ડૉ. બાબા સાહેબ આંબેડકરજીની ૧૨૮મી સાર્વજનિક જન્મ જયંતી બિન રાજકીય રીતે ઉજવણી બાબતેની એક અગત્યની મીટિંગ આયુ. રાજુભાઈ શિરસાઠના અધ્યક્ષ સ્થાને તા.૧૭'મીના રવિવારે ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન માનદરવાજા રિંગરોડ સુરત ખાતે રાખવામાં આવેલ છે.

ભારત રત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરજીની ૧૨૮મી જન્મ જયંતી ઉજવણી મહોત્સવમાં જોડાવવા માટે તમામ વોર્ડના મંડળ તથા સંગઠનો, સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં કામ કરતા તમામ નેતાઓ કે જે ૧૪મી એપ્રિલ ૨૦૧૯ નિમિત્તે સુરત શહેરમાં નીકળનારી મુખ્ય રેલીમાં દરેક વોર્ડમાં નીકળનારી રેલીઓને વિનંતી છે કે સુરત શહેરમાં આંબેડકરી સમાજની એકતા અને શક્તિ બતાવવાની હોય છે. જેથી આપણે બધા જ વોર્ડ પૂરતુ ડૉ. બાબા સાહેબ આંબેડકરજીની જન્મ જયંતી અને બાબા સાહેબના વિચારોને વોર્ડ પુરતુ સ્થગિત કરી દેવામાં આવે છે. જેથી સુરત શહેર તમામ આંબેડકરી મિશન ચલાવનારા તમામ સાથી કાર્યકર્તાઓને નમ્ર વિનંતી છે કે આગામી ૧૨૮મી જયંતીની સુરત રેલવે સ્ટેશન ખાતેથી નીકળનારી ભવ્ય રેલીમાં એક સાથે લાખોની સંખ્યામાં જોડાવવા બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવશે.

ચૂંટણી પ્રચારમાં સબરીમાલા મંદિર વિવાદનો દુરુપયોગ થવો જોઈએ નહીં: ચૂંટણી પંચ

ન્યુ દિલ્હી

કેરળમાં ચૂંટણી પંચ દ્વારા લોકસભા ચૂંટણીના પ્રચાર અભિયાન દરમિયાન સબરીમાલા મુદ્દે રોક લગાવ્યા બાદ હવે અધિકારીઓએ સ્પષ્ટતા આપી છે. ચૂંટણી પંચના એક અધિકારીએ કહ્યુ કે તેમના કહેવાનો અર્થ છે કે સબરીમાલા મુદ્દાનો ખોટો ઉપયોગ થવો જોઈએ નહીં.

કેરળ ચૂંટણી કમિશ્નર રામ મીણાએ સબરીમાલા મુદ્દાને પ્રચારમાં ઉપયોગ ના કરવાનો આદેશ આપ્યો હતો, જે બાદ રાજ્યમાં રાજકીય વિવાદ પેદા થઈ ગયો હતો. એટલું જ નહીં એક અધિવક્તાએ તેમના વિરુદ્ધ કેસ પણ નોંધાવ્યો છે. કેટલાક બીજા નેતાઓએ પણ તેમના વિરુદ્ધ ફરિયાદ નોંધાવવાની વાત કહી હતી.

જે બાદ ટીકા રામે નિવેદનને બદલતા કહ્યુ કે તેમના કહેવાનો અર્થ માત્ર એ હતો કે આ મુદ્દાનો ખોટો ઉપયોગ થવો જોઈએ નહીં. ચૂંટણી પંચ દ્વારા સબરીમાલા મામલે રોક લગાવવા પર વિપક્ષી કોંગ્રેસ અને ભાજપે આ નિર્દેશનો વિરોધ કરતા પ્રશ્ન ઉઠાવ્યા હતા. ભાજપે એ પણ કહ્યુ હતુ કે તે આ મુદ્દાને મુખ્ય ચૂંટણી પંચની સામે ઉઠાવશે.

સીરિયામાં આઈએસઆઈએસના ૩,૦૦૦ આતંકીઓએ આત્મસમર્પણ

દમિશક

સીરિયાના બઘોજમાં આઈએસઆઈએસના ૩,૦૦૦ આતંકીઓએ આત્મસમર્પણ કર્યુ છે. આતંકીઓના પરિવારો પણ શરણાગતિ સ્વીકારી છે. સીરિયાનું બઘોજ આઈએસના કબજાવાળો અંતિમ વિસ્તાર છે. કુર્દિશ સૈન્યનું કહેવું છે કે, ટૂંક સમયમાં આ શહેરમાં તેમનું આધિપત્ય થઈ જશે. ૨૦૧૪માં આઈએસએ ખલીફાના શાસનની જાહેરાત કરી ઈરાક અને સીરિયાના મોટાંભાગના વિસ્તારો પર કબજો કરી લીધો હતો.

સીરિયાના પૂર્વીય ગામ બઘોજમાં હજુ પણ આઈએસના કેમ્પ જોવા મળે છે. અમેરિકી સમર્થિત સીરિયાઈ ડેમોક્રેટિક ફોર્સ આઈએસ આતંકીઓને પકડવાની કોશિશ કરી રહી છે, પરંતુ નદીના કિનારે વસેલા ગામોથી પુરૂષો, મહિલાઓ અને બાળકોની ભીડે તેણે અટકાવી દીધી છે.

બઘોજમાં સતત ત્રણ રાતથી એર સ્ટ્રાઈક અને ફાયરિંગ થઈ રહ્યું છે, જેમાં અનેક આતંકીઓ ઠાર મરાયા છે. તેને કારણે આતંકીઓના અનેક સંબંધીઓએ આત્મસમર્પણ કરી દીધું છે. અમેરિકાના સમર્થનવાળી એસડીએફ સૈન્યએ રવિવારે આતંકવાદીઓને ચેતવણી આપી હતી કે, તેમનો સમય પૂર્ણ થઈ ગયો છે. મંગળવારે ત્રણ હજાર આતંકવાદીઓએ સૈન્યની સામે આત્મસમર્પણ કરી દીધું છે. સંયુક્ત સૈન્યએ બઘોજમાં મંગળવાર સાંજથી ભારે ફાયરિંગ કર્યુ અને આતંકવાદીઓને જવાબ આપવાનો મોકો ના આપ્યો. તેથી લોકોને આત્મસમર્પણ કરવું પડ્યું. સૂત્રો અનુસાર, બઘોજમાં સતત વૉરપ્લેન ચક્કર લગાવતા રહે છે અને થોડાં થોડાં સમયે બ્લાસ્ટના અવાજ આવતા રહે છે. મોટી સંખ્યામાં સંયુક્ત સેનાના સૈનિક બઘોજના પ્રવેશ પાસે એકઠાં થયા હતા.

આહિર સમાજ સસ્પેન્ડેડ ધારાસભ્ય ભગવાન બારડ માટે ૧૭મી માર્ચે મોરચો માંડશે

એમએલએ બારડ મુદ્દે વિધાનસભા અધ્યક્ષની ઓફિસ બહાર ધરણા, રામધુન બોલાવાઈ

ગાંધીનગર-વેરાવળ

તાલાલાના કોંગ્રેસના ધારાસભ્ય ભગવાન બારડના સસ્પેન્શન મુદ્દે કોંગ્રેસ આક્રમક બની છે. જે અંતર્ગત વિપક્ષ નેતા પરેશ ધાનાણી સહિતના કોંગ્રેસના ધારાસભ્યોએ વિધાનસભા અધ્યક્ષની ઓફિસ બહાર ધરણા પર બેઠા હતાં. કોંગ્રેસનો આરોપ છે કે ભગવાન બારડને બંધારણ વિરુદ્ધ જઈને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

વિક્ષપ નેતા પરેશ ધાનાણી સહિત કોંગ્રેસના ધારાસભ્યોએ વિધાનસભા ખાતે ઉગ્રે દેખાવો શરૂ કર્યા છે. અહીં પરેશ ધાનાણીએ જણાવ્યું કે સરકારના દબાણથી ભગવાન બારડ સામે કાર્યવાહી કરવામાં આવી છે. રજૂઆત છતાં રાજ્યપાલ તરફથી કોઈ જવાબ મળ્યો નથી. વિધાનસભાના અધ્યક્ષના હાથ બંધાયેલા છે. સસ્પેન્શન મુદ્દે ફરી વિચાર કરવા વિધાનસભાના અધ્યક્ષ તૈયાર નથી.

છેલ્લા કેટલાક દિવસથી ધારાસભ્ય ભગવાન બારડના સસ્પેન્શનનો વિરોધ કરી રહેલા કોંગ્રેસના નેતાઓ હવે આક્રમક મૂડમાં આવ્યા છે. આજે તેઓએ વિધાનસભા ખાતે વિધાનસભાના અધ્યક્ષની ઓફિસ બહાર ધરણા પર બેસી ગયા અને રામધૂન બોલાવી હતી.

આ મુદ્દે આહિર સમાજ દ્વારા શક્તિ પ્રદર્શન કરી અને મોરચો માંડવાનું આયોજન કરવામાં આવ્યું છે. જૂનાગઢમાં મળેલી આહિર સમાજની બેઠકમાં તાલાલાના ધારાસભ્ય ભગવાન ભાઈ બારડના સમર્થનમાં આહિર સમાજે શક્તિ પ્રદર્શન કરવાનું આયોજન કર્યુ છે. આગામી ૧૭મી માર્ચે આહિર સમાજ વેરાવળમાં એક વિશાળ કાર્યક્રમ યોજી અને શક્તિ પ્રદર્શન કરશે. આહિર સમાજ દ્વારા શક્તિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ભગવાન ભાઈના સસ્પેન્સન મુદ્દે તેમણે હાઈકોર્ટમાં સરકારના નિર્ણયને પડકારતી અરજી કરી છે. કોંગ્રેસે અગાઉ આ મુદ્દે સ્પષ્ટ જણાવ્યું હતું કે તે રાજ્યવ્યાપી પ્રદર્શન કરી અને આ મુદ્દે વિરોધ કરશે.

નિવૃત્તિમાં ૬ મહિના બાકી હોય તે જ આઈપીએસ અધિકારી ડીજીપી બની શકશે

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે આઈપીએસ અને ડીજીપી અધિકારીની નિમણૂંક મામલે આપેલાં આદેશમાં ફેરફાર કર્યો છે. સુપ્રીમ કોર્ટે આ અગાઉ આઈપીએસ અને ડીજીપીની નિમણૂંક માટે જે આદેશ આપ્યો હતો. તેમાં હવે ફેરફાર કરી દેવાયો છે અને નિવૃત્તિમાં ૬ મહિના બાકી હોય તે જ આઈપીએસ અધિકારી જ ડીજીપી બની શકશે તેવો આદેશ કર્યો છે. ડીજીપીનો કાર્યકાળ ૨ વર્ષ રાખવા સુપ્રીમ કોર્ટ પહેલાં જ નિર્ણય કરી ચૂકેલ છે. રાજ્યોની ડીજીપી નિમણૂંકની પદ્ધતિને પગલે સુપ્રીમ કોર્ટે આ આદેશ આપ્યો છે. આઈપીએસની નિવૃત્તિનાં થોડાંક દિવસ પહેલાં જ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવતી હતી. જો કે અન્ય યોગ્ય અધિકારીઓ પદથી વંચિત રહી જતાં હોવાંથી આ નિર્ણય કરવામાં આવ્યો છે. આ સાથે જ સુપ્રીમ કોર્ટે એવું સ્પષ્ટ કરી દીધું કે જેમની સેવાનિવૃત્તિને ૬ મહિનાથી પણ ઓછો સમય બચ્યો છે તેમનાં નામ પર વિચાર નહીં થાય. હકીકતમાં ડીજીપીનાં બે વર્ષનો નિશ્ચિત કાર્યકાળ હોય છે. રાજ્ય સરકારે જે અધિકારીઓની સેવાનિવૃત્તિ થવાંની થતી હતી તેઓને ડીજીપી નિયુક્ત કરી દેતી હતી અને તેઓને બે વર્ષનો નિશ્ચિક કાર્યકાળ મળી જતો હતો. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૬માં પોલીસ સુધાર પર આપવામાં આવેલ આદેશને લાગુ ન કરવાનાં મામલામાં દાખલ કરેલ અવરોધ અરજી પર સુપ્રીમ કોર્ટ સુનાવણી કરી રહેલ છે. જો કે, આ પહેલાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને તમામ રાજ્યોને આદેશ આપ્યો હતો કે તે ક્યાંય પણ એક્ટિંગ ડીજીપી નિયુક્ત નહીં કરે. કોર્ટે કહ્યું હતું કે આ પગલું ઉઠાવવું એ સુપ્રીમ કોર્ટનાં આદેશોનું ઉલ્લંઘન છે.

બીએસએનએલનાં ૧.૬૮ લાખ કર્મચારીઓ પગાર વિહોણા રહેતા ભારે રોષ

ન્યુ દિલ્હી

છેલ્લા ૧૮ વર્ષમાં પહેલી વખત એવુ બન્યુ છે કે, ભારત સરકારનાં સાહસ એવા ભારતીય સંચાર નિગમ લી.નાં ૧.૬૮ લાખ કામથી કર્મચારીઓનો ફેબ્રુઆરી મહિનાનો પગાર થયો નથી. સામાન્ય રીતે આ કર્મચારીઓને તેમનો મગાર ૨૮ ફેબ્રુઆરીનાં રોજ મળી જવો જોઈએ. મહત્વની વાત તો એ છે કે, કોન્ટ્રાક્ટ આધારિત કર્મચારીઓની તો બદતર હાલત છે. કેમ કે, તેમને તો છેલ્લા ત્રણ મહિનાથી પગાર મળ્યો નથી. એમાંય, કેટલાક કોન્ટ્રાક્ટ કર્મચારીઓને છ મહિનાથી પગાર મળ્યો નથી. કર્મચારી મંડળે આ મામલે કેન્દ્રિય ટેલિકોમ મંત્રી મનોજ સિન્હાને એક પત્ર લખીને વિનંતી કરી છે કે, સરકાર કંપની માટે તાત્કાલિક ફંડ રિલીઝ કરે અને કર્મચારીઓનાં પગાર ચૂકવે. યુનિયને એવી પણ માંગણી કરી છે કે, સરકાર બી.એસ.એન.એલને જીવંત કરે. દેશનાં કેટલીક જગ્યાએ કર્મચારીઓએ સરકાર સામે દેખાવો પણ કર્યા હતા. ફાઈનાન્સિયલ એક્સપ્રેસમાં આવેલા અહેવાલ મુજબ, બી.એસ.એન.એલ દ્વારા તેના કર્મચારીઓને ફેબ્રુઆરીનાં પગાર ચૂકવવાની શરૂઆત કરી દીધી છે. ખાસ કરીને, કેરળ, જમ્મુ અને કાશ્મીર અને ઓડિસામાં કર્મચારીઓને તેમનો પગાર ચૂકવાઈ ગયો છે .દેવામાં આવશે.

લોકસભા ચૂંટણી સંદર્ભે હથિયાર પરવાનેદારો જોગ સૂચના

નવસારી

આગામી લોકસભાની ચૂંટણી તા.૨૩/૦૪/૨૦૧૯ ના રોજ યોજનાર છે. લોકસભાની ચૂંટણી દરમિયાન જાહેર સુલેહ શાંતિ માટે નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ ડૉ. એમ.ડી.મોડિયાએ મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા સમગ્ર જિલ્લામાં તાત્કાલિક અસરથી તા.૨૭/૦૫/૨૦૧૯ સુધી હથિયાર પરવાનેદારોને હથિયાર એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા કે સાથે રાખવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમના ભંગ બદલ ભારતીય દંડ સહિતાની કલમ-૧૩૫ હેઠળ કાયદેસર કાર્યવાહી થઈ શકે છે. સરકારી નોકરી કે કામ કરતી વ્યકિત કે જે કાયદાકીય ફરજનો ભાગ હોય અને જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિકારી અધિકૃત કરે તેવી વ્યકિતઓને આ જાહેરનામાથી મુકિત આપવામાં આવી છે.

તંત્રી સ્થાનેથી...

આતંકનો ખાતમો જરૂરી

જમ્મુ કાશ્મીરમાં છેલ્લા કેટલાક મહિનાથી ત્રાસવાદી હિંસા અને સરહદ પર ગોળીબારની ઘટનામાં ઉલ્લેખનીય રીતે વધારો થયો છે. ખાસ કરીને પુલવામા હુમલા અને ત્યારબાદ પોકમાં ભારત દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલા બાદ સ્થિતી વણસી ગઈ છે. આના કારણ કાશ્મીરમાં સ્થિતી દિન પ્રતિદિન ખરાબ થઈ રહી છે. હવે સેના ત્રાસવાદીઓ સામે ઓપરેશન ફરી શરૂ કરી ચુકી છે ત્યારે તમામ લોકો આતંકનો ખાતમો થાય તેમ ઈચ્છે છે. ત્રાસવાદને કચડી નાંખવા માટેનો સમય આવી ગયો છે. વિશ્વ સમુદાયને એકમત થઈને તેની સામે જોરદાર જંગ છેડી દેવા અને તેના ખાતમા માટેની પહેલ કરવી પડશે. છેલ્લા ત્રણ દશકના ગાળામાં ભારત, અમેરિકા, ફ્રાન્સ, રશિયા, બ્રિટન, જર્મની, ઈટાલી, તુર્કી અને અન્ય અનેક દેશો ત્રાસવાદી હુમલાનો સામનો કરી ચુક્યા છે. હજારો લોકોની જાન ત્રાસવાદીઓ હુમલા કરીને લઈ ચુક્યા છે. લાખો કરોડોની સંપત્તિને નુકસાન પહોંચાડી ચુક્યા છે. હવે જો નિર્ણાયક કાર્યવાહી નહી થાય તો તેમનો જુસ્સો વધારે મજબુત થશે. દુનિયામાં ખૌફનુ વાતાવરણ યથાવત રહેશે. દરેક નાગરિક પોતાને સુરક્ષિત અનુભવ કરી શકશે નહી. ત્રાસવાદ સંગઠન અને તેમને છુપાવવા માટેની તક આપનાર દેશોની સામે હવે વાતાવરણ સર્જાઈ રહ્યુ છે. દુનિયાના દેશો એકબીજાની સાથે આવીને કોઈ પણ જગ્યાએ થતા હુમલાની નોંધ લઈને મદદ માટે આગળ આવે તે જરૂરી છે. લોકો નારાજગી પ્રગટ કરવા માટે આગળ આવે છે તેને ત્રાસવાદની હાર તો કહી શકાય છે પરંતુ ત્રાસવાદનો ખાતમો બાકી છે. આના માટે સમગ્ર માનવતા એક થાય તે જરૂરી છે. ત્રાસવાદને જીવિત રાખનાર, તેમને મદદ કરનાર. તેમને આશ્રય આપનાર દેશોની સામે પણ પગલા લેવા પડશે. સ્લીપર સેલને નષ્ટ કરવાની દિશામાં પગલા લેવા પડશે. ત્રાસવાદને મદદ કરનાર કોઈ પણ વ્યક્તિ, સંગઠન અથવા તો દેશ કેમ ન રહે તેની સામે સંયુક્ત યુદ્ધ છેડી દેવાની જરૂર છે. જો આવુ કરવામાં નહી આવે તો કઠોર પ્રતિક્રિયા, થવા તો લશ્કરી કાર્યવાહીથી ત્રાસવાદીઓ થોડાક દિવસ તો શાંત રહી શકે છે પરંતુ ફરી કોઈને કોઈ જગ્યાએ હુમલો કરીને રક્તપાત સર્જી દેશે. ભારત, અમેરિકા, ફ્રાન્સ, બ્રિટન ત્રાસવાદીઓના હિટલિસ્ટમાં રહ્યા છે. તેમને દુનિયાના અન્ય દેશોની સાથે મળીને પોતાની ગુપ્તચર વ્યવસ્થાને સુધારી દેવા, સુરક્ષા દળોને આધુનિક કરવા અને ત્રાસવાદી સંગઠન પર કાર્યવાહી ની યોજના બનાવવી પડશે. ત્રાસવાદ સામેની લડાઈમાં નાગરિકોની ભૂમિકા મહત્વપૂર્ણ રહે છે. હવે જ્યારે ભારતીય સેના ફરી ત્રાસવાદીઓ સામે કાર્યવાહી હાથ ધરી ચુકી છે ત્યારે ત્રાસવાદનો ખાતમો થાય અને જમ્મુ કાશ્મીરમાં જનજીવન સામાન્ય બને તેમ લોકો ઈચ્છે છે. લોકો કાશ્મીરમાં કોઈ પણ ભય વગર ફરવા જઈ શકે તે પ્રકારનુ વાતાવરણ સર્જાય તે હવે જરૂરી છે. ભારત દ્વારા પોકમાં ત્રાસવાદી કેમ્પો પર હવાઈ હુમલા કરવામાં આવ્યા બાદ ત્રાસવાદ સામેની લડાઈ હવે નિર્ણાયક બની રહી છે. ભારતને તમામ દેશો સાથ આપી રહ્યા છે. અમેરિકાએ પણ પાકિસ્તાનમાં ત્રાસવાદીઓ સામે કાર્યવાહી કરવા કહ્યુ છે.

ત્રાસવાદને મદદ કરનાર કોઈ પણ કેમ ન હોય તેની સામે યુદ્ધ છેડવા તાકીદની જરૂર

૫૦ વર્ષ બાદ પ્રથમ વખત ચહેરા વગર ચૂંટણી યોજાશે...

તમિલનાડુ : આ વખતે નવા સમીકરણ

લોકસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ તમામ રાજકીય પક્ષો પોત પોતાની તૈયારીમાં લાગી ગયા છે. જીતવા માટેની રણનિતી તૈયાર કરવામાં આવી રહી છે. એકબાજુ રાષ્ટ્રીય પક્ષો ભાજપ અને કોંગ્રેસ દરેક રાજ્યમાં તેમના નેટવર્કને મજબુત કરવામાં લાગેલી છે. આવી સ્થિતીમાં તમિળનાડુમાં આ વખતે નવા સમીકરણના સંકેત દેખાઈ રહ્યા છે. કારણ કે આ વખતની ચૂંટણી તમિળનાડુની રાજનિતીના બે મોટા ચહેરા જયલલિતા અને કરૂણાનિધી વગર થનાર છે. આવી સ્થિતીમાં માહોલ કોની તરફ રહેશે તે બાબત પર કોઈ વાત કરવી મુશ્કેલ છે. તમિળનાડુમાં બે ગઠબંધન બની ગયા છે. જે પૈકી એક ગઠબંધનમાં ભાજપ અને અન્નાદ્રમુક છે. જ્યારે અન્ય ગઠબંધનમાં ડીએમકે અને કોંગ્રેસ છે. આવી સ્થિતીમાં પરિણામને લઈને વાત કરવી સરળ રહેશે નહીં. તમિળનાડુની રાજનીતિમાં પૈદા થયેલા શુન્યને ભરવા માટે આ વખતે એમકે સ્ટાલિન , પન્નીરસેવમ, પલાનીસ્વામી, કમલ હાસવ અને ટીટીવીના દિનાકરણનો સમાવેશ થાય છે. આ તમામ મુખ્ય દાવેદાર છે. તમિળનાડુમાં બે ગઠબંધન વચ્ચે સીધી લડાઈ દેખાઈ રહી છે. જે બં ગઠબંધનન લડાઈ છે તે પૈક એકનુ નેતૃત્વ અન્નાદ્રમુકના હાથમાં છે જ્યારે અન્યનુ નેતૃત્વ ડીએમકેના હાથમાં છે. ફિલ્મ સ્ટાર રજનિકાંત લોકસભા ચૂંટણી ન લડવાની જાહેરાત કરી ચુક્યા છે. જેથી તેમની ગણતરી હવે થઈ રહી નથી. તેમના સાથી કલાકાર કમલ હાસન હાલમાં મેદાનમાં છે. અન્નાદ્રમુકથી અલગ થયેલા ટીટીવી દિનાકરણ પણ મજબુત દાવેદાર તરીકે ઉભરી રહ્યા છે. છેલ્લી ચૂંટણીમાં એકલા દમ પર ચૂંટણી લડનાર કોંગ્રેસ પાર્ટીએ આ વખતે ડીએમકેની સાથે જોડાણ કરવાની જાહેરાત કરી છે. બીજી બાજુ ભાજપે આ વખતે સત્તારૂઢ પાર્ટીની સાથે છે. બંને પાર્ટીઓમાં પાર્ટીઓની સંખ્યા વધારે હોવાથી છેલ્લી વખતની ચૂંટણીની તુલનામાં વોટના વિભાજનની શક્યતા આ વખતે ઓછી દેખાઈ રહી છે.



તમિલ નાડુમાં બે ગઠબંધન પરંતુ મતદારો હજુ પણ દુવિધામાં : હવે કરૂણાનિધી અને જયા વગર તમિળનાડુમાં આ વખતે ચૂંટણી થશે

કરૂણાનિધીના પુત્ર સ્ટાલિનને તેમની ક્ષમતા સાબિત કરવાની તક છે તો બીજી બાજુ પન્નીરસેલવમ અને મુખ્યપ્રધાન પલાનિસ્વામી માટે કેટલાક નવા પડકારો રહેલા છે. તમિળનાડુની જનતામાં કેન્દ્ર સરકારની નીતિને લઈને આક્રોશ છે. ખાસ કરીને ગ્રામીણ ક્ષેત્રોમાં વિરોધ વધારે છે. બીજી બાજુ અન્નાદ્રમુકના નેતૃત્વને લઈને પણ પ્રશ્નો થઈ રહ્યા છતે. ડીએમકેને આનો લાભ મળી શકે છે. લોકસભાની સાથે સાથે વિધાનસભાની ૧૮ બેઠકોની પેટાચૂંટણી પણ એક સાથે યોજાનાર છે. આ પેટાચૂંટણી પણ નિર્ણાયક સાબિત થનાર છે. ૨૩૪ સભ્યોની વિધાનસભામાં હજુ ૨૧૩ ધારાસભ્યો છે. આમાંથી અન્નાદ્રમુકના ૧૧૪ ધારાસભ્યો છે. ચૂંટણી બાદ આમાં કેટલીક બાબતો નિર્ણાયક સાબિત થનાર છે. સરકારને બચાવી લેવા માટે અન્નાદ્રમુકને ૧૮ પૈકી છ સીટ પર જીત હાંસલ કરવી પડશે. તમિળનાડુમાં આ વખતે વિધાનસભાની ચૂંટણીમા પેટાચૂંટણીને લઈને પણ પડકાર છે. લોકસભાની ચૂંટણીને લઈને તમામ તૈયારી કરવામાં રાજકીય પક્ષો વ્યસ્ત બનેલા છે. તમિળનાડુમાં દશકો સુધી જયલલિતા અને કરૂણાનિધી વચ્ચે સીધી ટક્કર રહેતી હતી. બે દિગ્ગજની હાજરીમાં તમિળનાડુમાં અન્ય કોઈ પાર્ટીની સ્થિતી વધારે મજબુત બની શકી ન હતી. જો કે આ બંને નેતાઓના અવસાન બાદ દિગ્ગજ નેતા રહ્યા નથી. રાજ્યના લોકોમાં ભારે લોકપ્રિયતા ધરાવે તેવા હવે કોઈ નેતા રહ્યા નથી. આવી સ્થિતીમાં તમિળનાડુની રાજનીતિમાં ભાજપ અને કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષોને હવે તેમની સ્થિતી મજબુત કરવાની તક રહેલી છે. આવી સ્થિતીમાં આ વખતે યોજાઈ રહેલી લોકસભાની ચૂંટણીના પરિણામ ખુબ સારી અસર કરી શકે છે. પ્રાદેશિક પક્ષો તેમના અસ્તિત્વની લડાઈ લડી રહ્યા છે. જયલલિતા અને કરૂણાનિધીની ગેરહાજરીમાં લોકો આ બંને પાર્ટીઓ પ્રત્યે કેવુ વલણ અપનાવે છે તે બાબત પર તમામ ચાહકોની નજર રહેશે. તમિળનાડુમાં રાજનિતી ઝડપથી બદલાઈ રહી છે. નરેન્દ્ર મોદીની વર્ષ ૨૦૧૪માં જોરદાર લહેર હતી ત્યારે પણ તમિળનાડુમાં તો જયાની હાજરીમાં અન્નાદ્રમુકે જોરદાર સપાટો બોલાવ્યો હતો અને ૩૭ સીટો જીતી લીધી હતી. જ્યારે ભાજપને એક સીટ મળી હતી. તમિળનાડુની ઝડપથી બદલાઈ રહેલી રાજનીતિ વચ્ચે હવે મતદારો પાસે અનેક વિકલ્પ રહેલા છે. જેથી રાજકીય પંડિતો પણ વર્તમાન સ્થિતીને જોતા કોણ બાજી મારી જશે તેને લઈને કોઈ વાત કરવાની સ્થિતીમાં નથી. તમામ પક્ષો પોત પોતાની રીતે તૈયારી કરી રહ્યા છે. આ વખતે તમિળનાડુમાં પોતાની હાજરીને વધારી દેવા માટે ભાજપે પણ કમર કસી છે. દક્ષિણના રાજ્યોમાં પણ ભાજપની હિલચાલ સતત વધી રહી છે. જે નવા સમીકરણના સંકેત આપે છે.

હેલ્થી ટ્રિક્સ : જંક ફુડથી દુર રહીને કેટલીક બિમારીને ટાળી શકાય

બ્રેક ફાસ્ટને ટેવ બનાવવાની જરૂર

શરીરમાં બે ટકા પાણીની કમી થવાની સ્થિતીમાં એનર્જી લેવલ ખુબ ઓછુ થઈ જાય છે : નિયમિત ગાળામાં પાણી પિતા રહેવુ જોઈએ

આધુનિક ભાગદોડની લાઈફમાં દરેક વ્યક્તિ ફિટ અને એનર્જેટિક રહેવા માટે ઈચ્છુક હોય છે પરંતુ તે જરૂરી સમય કાઢી શકતો નથી. ટેક્સાસમાં હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરીરમાં બે ટકા પાણીની કમી થવાની સ્થિતીમાં પણ એનર્જી લેવલ ખુબ ઓછુ થઈ જાય છે. ડિહાઈડ્રેશનના કારણે બ્લડવોલ્યુમ ઘટી જાય છે. જેના કારણે લોહી ગાઢ બની જાય છે. જેના કારણે હાર્ટ ઓછા અસરકારક રીતે કામ કરે છે. આનાકારણે ઓક્સીજન અને પૌષક તત્વો ઓછી ગતિથી આપની મસલ્સ અને ઓર્ગન્સ સુધી પહોંચે છે. આના માટે રહી રહીને પાણી પીતા રહેવાની જરૂર હોય છે. નિષ્ણાંત લોકો કહે છે કે સવારે ઉઠી ગયા બાદ વધારે સમય સુધી ભુખ્યા રહેવાની બાબત યોગ્ય નથી. બ્રેકફાસ્ટ કરવાથી આપના મેટાબોલિજમ યોગ્ય રહે છે. જો તમે બ્રેક ફાસ્ટમાં પૌષ્ટિક ભોજન લઈ રહ્યા છો તો દિવસ દરમિયાન ઉર્જા રહે છે. સવારના સમયમાં ભુખ્યા રહેવાની સ્થિતીમાં દિવસ દરમિયાન માથુ ચકરાવે છે. આના કારણે ખુબ થાક લાગે છે. જેથી સવારના સમયમાં નાસ્તાને પ્રાથમિકતા આપવામાં આવે તે જરૂરી છે.જંક ફુડથી દુરી રાખવામાં આવે તે પણ જરૂરી છે. જંક ફુડ ખાવાથી શરીરને કોઈ ઉર્જા મળતી નથી. આ માત્ર સ્વાદમાં ગમી શકે છે. જંક ફુડથી બ્લડ શુગર વધી જાય છે. જેના કારણે આપને વધારે થાક લાગે છે. આપને ભોજનમાં પ્રોટીનયુક્ત ચીજોનો ઉપયોગ કરવાની સલાહ મોટા ભાગના નિષ્ણાંત લોકો આપે છે. ૨૪ કલાક ફિટ અને એનર્જેટિક રહેવા માટે કેટલીક ખરાબ ટેવ છોડી દેવાની જરૂર છે. ખોટી ટેવ છોડી દેવાના કારણે ફિટ રહેવામાં મદદ મળશે.ફિટ અને હેલ્થી રહેવા માટે નિયમિત કસરત જરૂરી બની ગઈ હોવાનું તારણ નવા અભ્યાસમાં બહાર આવ્યું છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે કસરતથી શરીરમાં બ્લડ સરક્યુલેશનમાં ઉલ્લેખનીય વધારો થાય છે. સાથે સાથે આનાથી કુશળતા પણ વધી જાય છે. નોકરીની જગ્યાએ લાંબા સમય સુધી કોમ્પ્યુટરની સામે બેસી રહેવાથી ઘણી તકલીફ ઉભી થઈ શકે છે આવી સ્થિતિમાં નિયમિતપણે કસરત ખૂબ જ જરૂરી છે. નિયમિતપણે કસરત નહીં કરવાથી શરીરમાં બ્લડ સરક્યુલેશનની ગતિ ધીમી પડી જાય છે. યાદશક્તિ અને ધ્યાનશક્તિને વધારવા નિયમિત કસરત જરૂરી બની ગઈ છે. આનાથી શરીરમાં ટોક્સીન ફોર્મેશનની ગતિ ધીમી પડે છે. કસરતના સંબંધમાં વારંવાર તારણો સપાટી પર આવી ચુક્યા છે. નિષ્ણાંતોનું કહેવું છે કે શરીરને ફિટ અને હેલ્થી રાખવા માટે વોકિંગ, સ્વીમીંગ, એરોબીક્સ, સાઈકલીંગ અને બેલી ડાન્સીંગ હવે ઉપયોગી બન્યા છે. વોકિંગને સર્વશ્રેષ્ઠ કસરત તરીકે ગણવામાં આવે છે. દરરોજ જીમમાં જવા માટે આધુનિક સમયમાં સમય નથી. આવી સ્થિતિમાં વોકિંગ કરવાથી ફાયદો થાય છે. દરરોજ ઓછામાં ઓછા ૩૦ મિનિટ સુધી વોકીંગમાં સમય ગાળવામાં આવે તે જરૂરી છે. ભોજન લીધા બાદ ઓછામાં ઓછા પાંચ મિનિટ સુધી ઓફિસના પ્રાંગણમાં વોકિંગ કરવાથી ફાયદો થાય છે. જીમમાં કસરત કરવાથી ડર લાગે છે તો આવી સ્થિતિમાં સ્વીમીંગ પણ વિકલ્પ તરીકે છે. સ્વીમીંગથી શારીરિક પ્રવૃત્તિ વધી જાય છે. બટર ફલાય સ્ટ્રોક, બેગ સ્ટ્રોક, બિગ સ્ટ્રોકથી ફાયદો થાય છે. એરોબીક્સને પણ હવે મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સંગીતના પ્રેમીઓ માટે એરોબીક્સનો વિકલ્પ પસંદ કરવો જોઈએ. આનાથી ટેન્શન ઓછું થાય છે. એરોબીક્સની ક્લાસમાં પણ હાલમાં મોટી સંખ્યામાં લોકો જોવા મળે છે. સાઈકલીંગથી હાર્ટ અને બ્લડ સરક્યુલેશનમાં સુધારો થાય છે. સાઈકલીંગ નિયમિત કરવાથી પગના સ્નાયુ પણ મજબૂત બને છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે માત્ર ત્રણ મિનીટ સુધીની સામાન્ય કસરત પણ સ્થૂળતાને ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ફેટને દૂર કરવામાં કસરતની મહત્વપૂર્ણ ભૂમિકા છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જે લોકો જીમમાં જવામાં આળસ અનુભવ કરે છે અને જે લોકો કસરત માટે સમય નથી તેવી દલીલ કરે છે તે લોકો માટે એક નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે માત્ર ત્રણ મિનીટની કસરત મહત્વપૂર્ણ થઈ શકે છે અને ઘરમાં જ આ કસરત કરી શકાય છે.

લાફ્ટર થેરાપી :હંસવા પર શરીરમાંથી એન્ડોર્ફિન બહાર નિકળે છે...

હંસી લાખ બિમારીની એક દવા

હંસવાથી હાર્ટની કસરત થાય છે : હંસવાથી રોગ પ્રતિકારક ક્ષમતામાં વધારો થાય છે : તણાવ, પીડા અને બિમારીને દુર કરવામાં સહાયક છે

લાફ્ટર ઈઝ ધ બેસ્ટ મેડિસીન એટલે કે હંસી લાખ બિમારીની એક દવા તરીકે છે. લાફ્ટર ઈઝ ધ બેસ્ટ મેડિસન એટલે કે હસી લાખ બિમારીની એક દવા છે. પરંતુ સામાન્ય લોકોને આ અંગે ખુબ ઓછી માહિતી છે કે પોતાના પર હંસવાની બાબત આરોગ્ય માટે પણ ખુબ સારી બાબત છે. સ્પેનના ગ્રનાડા યુનિવર્સિટીમાં કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે પોતાના પર જોક્સ કરીને અથવા તો પોતાને હંસાવનાર લોકોના મનોવૈજ્ઞાનિક આરોગ્યનુ સ્તર ખુ ઉપર રહે છે. આ ઉપરાંત અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે પોતાનાને હંસાવવાની બાબત એક રીતે ગુસ્સાને દબાવવા અને અંકુશમાં લેવા સમાન છે. ગુસ્સો ન કરવાની બાબત પણ આરોગ્ય માટે આદર્શ છે. લાફ્ટર થેરાપીને લઈને હવે ચર્ચા થવા લાગી ગઈ છે. જાણકાર લોકો કહે છે કે હંસવાની સ્થિતીમાં શરીરમાંથી એન્ડોર્ફિન હાર્મોન બહાર નિકળે છે. જે હાર્ટને મજબુત બનાવે છે. હંસવાના કારણે હાર્ટની કસરત પણ થઈ જાય છે. હંસવાની બાબત ટેન્શનને દુર કરે છે. પીડા અને બિમારીને દુર કરવામાં હંસી એન્ટીડોટ છે. શરીર અને દિમાગને સંતુલિત રાખવા માટે હંસી કરતા અન્ય કોઈ ચીજ વધારે અસરકારક નથી. તમામ લોકોને સારી રીતે સમજી લેવાની જરૂર છે કે પોતાના પર હંસવાની બાબત આરોગ્ય માટે વધારે ફાયદાકારક છે. એક શોધમાં આ મુજબની બાબત સપાટી પર આવી ચુકી છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે હાસ્ય બ્લડપ્રેશરને નિયંત્રણ કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. હાઈ બ્લડ પ્રેશરવાળા લોકો માટે હાસ્ય ખુબ આદર્શ છે. હંસવાથી શરૂઆતમાં વાહિનીઓમાં લોહીનુ દબાણ વધી જાય છે. પરંતુ આ વધી ગયેલુ સ્તર ટુંક સમયમાં જ સામાન્ય સ્તર પર પહોંચી જાય છે. આનાથી એમ પણ સાબિત થાય છે કે હંસવાથી લોહીનુ સંચાર વધવાથી બ્લડ પ્રેશર પણ ઓછુ થાય છે. હંસવાથી શરીરના જુદા જુદા મસલ્સની પણ કસરત થાય છે. હંસવામાં ડાયફ્રામ અને પેટની મસલ્સ પર અસર થાય છે. જે વારંવાર ફેલે છે અને સંકુચિત થાય છે. હંસીને નેચરલ કોસ્મેટિક્સ પણ કહી શકાય છે. આની અસર કુદરતી એન્ટી એજિંગના સ્વરૂપમાં દેખાય છે. હંસવાથી ચહેરાની માંસપેશિઓમાં પણ કસરત થાય છે. સ્ફુળતાને પણ કાબુમાં રાખવામાં મદદ મળે છે. દરરોજ એક કલાક સુધી હંસવાના કારણે ૪૦૦ કેલોરી ઉર્જા બર્ન થાય છે. આ જ કારણ છે કે આધુનિક સમયમાં હાસ્ય કલબની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે.

કેટલાક તબીબો તો અહીં સુધી કહે છે કે હંસીથી ઈમ્યુનિટી પાવરમાં અથવા તો રોગપ્રતિકારક ક્ષમતામાં પણ વધારો થાય છે. હંસવાના કારણે એન્ટીબોડી કોશિકા એવા હાર્મોનને રિલિઝ કરે છે જે શરીરમાં થનાર ફેરફારનો સામનો કરવા માટે તૈયાર હોય છે. એક સંશોધનમાં આ બાબતની પણ માહિતી મળી છે કે હંસીથી કેન્સર વાળી કોશિકા અને અન્ય પ્રકારના હાનિકારક બેક્ટિરિયા અને વાયરસ પણ નષ્ટ કરી શકાય છે. કારણ કે હંસવાથી ઓક્સીજનનુ પ્રમાણ વધી જાય છે. આ ઉપરાંત તે પીડાનાશક થેરાપીની જેમ પણ કામ કરે છે. હંસવાથી સારો અનુભવ થાય તેવા હાર્મોન નિકળે છે. જુદી જુદી શોધના કારણે કેટલીક સારી બાબત સપાટી પર આવી છે. હંસવાથી અમારા અંદર પોઝિટીવ એનર્જી આવે છે. થોડાક સમય સુધી હંસવાથી માંસપેશિયા ઓછામાં ઓછા ૪૫ મિનિટ સુધી રિલેક્સ થઈ જાય છે. સાથે સાથે ખુલીને હંસવાથી તમામ ટેન્શન નિકળી જાય છે. જેથી ટેન્શનથી થનાર માનસિક અને શારરિક સમસ્યાથી બચાવ થાય છે. હંસીના મારફતે કેન્સરથી બચાવની ક્ષમતા અનેક ગણી વધી જાય છે. કારણ કે આના કારણે શરીરમાં ઈન્ટરફેરોન ગામ એટલે કે આઈએફએનનુ સ્તર વધી જાય છે. શોધમાં એમ પણ જાણવા મળ્યુ છે કે ડિપ્રેશન થવા તો ટેન્શનમાં રહેવાની સ્થિતીમાં વ્યક્તિ વધારે ખાવા ઉપરાંત જંક ફુડનો વધારે ઉપયોગ કરે છે. જેની સીધી અસર વજન પર પડે છે. પરંતુ હંસવાથી દિમાગથી એક રસાયણ સેરોટોનિન નિકળે છે જે કુદરતી રીતે ભુખ પર નિયંત્રણ કરવાનુ કામ કરે છે. આના કારણે વ્યક્તિને જલ્દી જલ્દી ભુખ લાગતી નથી. સાથે સાથે ભુખ વગર કંઈક ખાવાની ઈચ્છા થતી નથી. જે રીતે ફિજિકલી ફિટ રહેવા માટે અમે દરરોજ કસરત અને યોગા કરીએ છીએ તેવી જ રીતે હંસવા માટે લાફ્ટર ક્લબમાં સામેલ થઈ શકાય છે. લાફ્ટર યોગા પણ સારા વિકલ્પ તરીકે છે. સારા અને ઉર્જાથી ભરી દેનાર સંગીત સાંભળવાથી પણ ફાયદો થાય છે. કોમેડી ફિલ્મો પણ લાભ કરાવે છે. સારી અને મનોરંજન પુસ્તક વાંચવા માટેની બાબત પણ ફાયદાકારક રહે છે. બાળકો પેટ્સની સાથે સમય ગાળી શકે છે. ...

HOLIDAYS TOURS & TRAVELS
ગો. ગો. ગોવા
પ્રવાસ દિવસ : 7
ચાર ધામ
પ્રવાસ દિવસ : 16
ઉનાળા વેકેશનના પ્રવાસોનુ બુકીંગ ચાલુ
મો.૯૯૨૫૧ ૩૫૪૯૫

WiselyInvest .com
શું આપ નાણા રોકાણ અંગે મૂંઝવણ અનુભવો છો?
ગુંજવણ ભરી યોજનાઓ માંથી શ્રેષ્ટ પસંદગી રૂબરૂ માર્ગદર્શન દ્વારા પ્રાપ્ત છે
SIP | Fixed Income | MF
ફક્ત એક ફોન કોલ દ્વારા
Sepunj Kapadia
+91- 93747 26576

કંપની માન્ય ઓથોરાઈઝ શો-રૂમ
મારૂતિ ઈલેક્ટ્રોનિક્સ
અમારૂ લક્ષ્ય : BEST PRICE - BEST PRODUCT - BEST SERVICE
SAMSUNG SONY HITACHI IFB Whirlpool LG LLOYD MITSUBISHI ELECTRIC BLUE STAR Panasonic BOSSH NATRAJ Haier Carrier VIVO oppo MAHARAJA WHITELINE
0 % ફાઈનાન્સ ઉપલબ્ધ
હવે ભરૂચ જીલ્લાના ગ્રાહકોને સુરત,બરોડા જવાની જરૂર નહિં રહે
BAJAJ FINSERV CAPITAL FIRST HDB FINANCIAL SERVICES
ઓન લાઈન કરતા ઓછા ભાવની ખાત્રી
દરેક ઈલેકટ્રોનિક્સ બ્રાન્ડ એક જ સ્થળે
હનુમંતુલ કંપાઉન્ડ, સ્ટેશન રોડ, અંકલેશ્વર ફોન : 02646 - 244710
જીવનદીપ આર્કેડ,એશીયન પેઈન્ટસ ચોકડી, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર ફોન:૦૨૬૪૬-૨૨૨૭૧૦
હેલ્પલાઈન નંબર : 7043191283

દૂધ બંધાવવા માટે સંપર્ક MO: 9727645497
રાધે ડેરી ફાર્મ
ભેળસેર વગરનું શુધ્ધ તબેલાનું તાજુ દૂધ
➡ શ્રેષ્ઠ જાતની જાફરી ભેંસોનું દૂધ
➡ દેશી ઉચ્ચ જાતની ગીર ગાયનું દૂધ
➡ સવાર/સાંજ હોમ ડિલીવરી
➡ ફુલ ક્રીમ દૂધ મીનીમમ ૭.૫ % ફેટ (₹ ૬૦/- લીટર)
➡ રેગ્યુલર દૂધ મીનીમમ ૬.૦ % ફેટ (₹ ૫૦/- લીટર)
➡ ગીર ગાયનું દૂધ મીનીમમ 3.0 % ફેટ (₹ ૪૫/- લીટર)
➡ તબેલામાં વીઝીટ લઈ શકાશે
➡ વીઝીટનો ટાઈમ (સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ સાંજે ૪:૦૦ થી ૯:૦૦)
સવારે ડિલીવરી નો સમય ૬:૦૦ થી ૯:૦૦
સાંજે ડિલીવરી નો સમય ૬:૦૦ થી ૯:૦૦
દૂધ બંધાવવા માટે સંપર્ક MO: 9727645497

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

EXCLUSIVE BRANDED BEDSHEETS
✦ સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
✦ વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
✦ લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
✦ સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
✦ લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
✦ સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
✦ લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
✦ એકસકલુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
✦ હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
✦ શેતરંજી ✦ આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકૂંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોન: ૨૪૩૨૦૮૭-૨૪૨૫૧૦૨

sf SINGAPURI FASHION
FABRICS, TAILORING & ETHNIC
સુટ,શેરવાની, ડિઝાઇનર પઠાણી, કુર્તા પાયજામા, સાફા, મોજડી, જેવી દુલ્હા કલેક્શન ની રેન્જ એક જ જગ્યા એ જોવા પધારો.
0261-2417767
૧ પટેલ મોટર ની પાસે, રાણીતાલાબ, લાલગેટ સુરત


GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, કિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

હોલસેલ ભાવે છુટકમાં
● કોટન ત્થા પોલીસ્ટર ધોતીજોટા
● લાલ-પીળા ભગવા અબોટીયા
● લાલ ગમછા (અંગુછા)
● ધાબળા - પોલાર બ્લેન્કેટસ
● સોલાપુરી ચારસા
સીંગલબેડ તથા ડબલ બેડમાં
➡ પ્રીન્ટેડ બેડશીટસ (100% કોટન)
➡ મીન્ક બ્લેન્કેટસ
શુભ પ્રસંગો તથા લગ્ન પ્રસંગે વડીલોના સન્માન કરવા માટે
''કાશ્મીરી શાલ''
ફોલ્ડીંગ મચ્છરદાની
મચ્છરના ત્રાસથી બચવા
દરેક સાઈઝમાં ફોલ્ડીંગ મચ્છરદાની

ગોળ તથા ચોરસમાં સીંગલબેડ, ડબલબેડ તેમજ દરેક નાની મોટી સાઈઝમાં સુપીરીયર કવોલીટીની તૈયાર મચ્છરદાની મળશે.
''છોટા કુબેર'' કાપડવાલા
બરાનપુરી ભાગળ, મેઈન રોડ, કાપડબજાર, સુરત.
ફોન : ૬૫૭૧૫૭૧, ૯૪૨૬૮૯૧૪૯૭

THICKSHAKE NEW VARIETY
રજવાડી કીંગ રજવાડી ક્વીન
મખ્ખન ભોગ
Extra Ordinary Flavours of 51 RAINBOW ice creams
Special offer
150/- 100/-
T&C apply
Service Available
સુરત રેલ્વે સ્ટેશનની સામે. સંપર્ક: +91 9879217786

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશાનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
ઉત્પાદક:
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો
100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઈડ ૪ વર્ષની વોરંટી
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.
અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
